# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય બજેટમાં રેલવે અંતર્ગત રાજ્યને 17 હજાર 155 કરોડ રૂપિયાની વિક્રમી ફાળવણી કરવામાં આવી હોવાનું જણાવતા કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ**
2. **કેન્સરના દર્દીઓ માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ છેલ્લા છ વર્ષોમાં 2 લાખથી વધુ દર્દીઓને રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક સારવાર આપવામાં આવી**
3. **સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રો પરત ખેંચવાનો છેલ્લો દિવસ - આજના દિવસ બાદ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે**
4. **રાજ્યના શ્રધ્ધાળુઓ પ્રયાગરાજમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે મહાકુંભ માટે રાજકોટથી વધુ એક વોલ્વ બસ શરૂ**
5. **ગુજરાત રાજ્ય ફૂટબાલ અસોશિએશન દ્વારા ટોરેન્ટ પાવર કપ અંડર 20 મેન્સ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટનો અંકલેશ્વર ખાતેથી આરંભ થયો**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAIL BUDGET - GUJARAT BENIFIT

કેન્દ્રીય બજેટમાં રેલવે અંતર્ગત ગુજરાતને 17 હજાર 155 કરોડ રૂપિયાની વિક્રમી ફાળવણી કરવામાં આવી છે.

2014 પહેલા ગુજરાતને રેલવે બજેટમાં મળતી ફાળવણી કરતાં આ વખતે 29 ગણી વધુ ફાળવણી થઇ હોવાનું રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું. કેન્દ્રીય બજેટમાં ગુજરાતને ફાળવાયેલા બજેટ અંગેની વર્ચ્યુઅલ પત્રકાર પરિષદને સંબોધતા રેલ મંત્રી અશ્વિની વૈષણવે આ અંગેની જાણકારી આપી હતી.

વધુ માહિતી આપતા વર્ષ 2014થી અત્યાર સુધીમાં ગુજરાતમાં બે હજાર 739 કિમીના નવા ટ્રેકનું નિર્માણ થયું છે, જે ડેન્માર્કના સમગ્ર રેલવે નેટવર્ક કરતા પણ વધારે છે. તેમજ ગુજરાતમાં વર્ષ 2014થી અત્યાર સુધીમાં ત્રણ હજાર 144 કિ.મી. એટલે કે 97 ટકા વિદ્યુતીકરણ થયું છે. **6 હજાર 303 કરોડના 87 અમૃત સ્ટેશનો વિકસાવવામાં આવી રહ્યાં હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત** વર્ષ 2014થી અત્યાર સુધીમાં એક હજાર 49 રેલ ફ્લાયઓવર અને અંડર-બ્રિજનું નિર્માણ થયું છે. **અને** 97 લિફ્ટ, 50 એસ્કેલેટર અને 335 વાઇફાઇ સ્ટેશનો પર કામગીરી થઇ હોવાનું તેમણે જણાવ્યું હતું.

ગુજરાતમાં 15 અનોખા સ્ટોપેજ ધરાવતા 12 જિલ્લાઓને આવરી લેતા 4 વંદે ભારતનું સંચાલન પણ થઇ રહ્યુ હોવાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો..

**આ અંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વધુ માહિતી આપી હતી**

(બાઈટ : અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલ્વે મંત્રી)

# GCCI INTERACTIVE SEMINAR

ગુજરાત વેપારી મહામંડળ દ્વારા અમદાવાદમાં નાણાકીય બિલ 2025ના અલગ અલગ પાંસાઓની સમજ આપતો એક પરિસંવાદ યોજાયો હતો.

અમદાવાદના શાહિબાગ સ્થિત સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાયેલા આ પરિસંવાદમાં કરવેરા અંગેની નવી જાહેરાતોની વિસ્તૃત સમજ કરવેરા નિષ્ણાતો દ્વારા આપવામાં આવી હતી. જેમાં વિવિધ ચેરીટેબલ ટ્રસ્ટના સંચાલન તેમજ વિલીનીકરણને અસર કરતા કાયદાકીય માળખા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

કરવેરા નિષ્ણાતોએ વિવિધ ઇન્કમટેક્સ કરદાતાઓને લાભદાયી સાબિત થનાર આવકવેરાના કરના માળખામાં કરવામાં આવેલા ફેરફાર વિશે પણ વાત કરી હતી, તેમજ ચાર વર્ષ સુધી મોડીફાઇડ રિટર્ન ફાઈલ કરવા બાબત ઉપલબ્ધ વિવિધ રાહતનો ઉલ્લેખ કર્યો હતો. તેઓએ TDS તેમજ TCS ની વધારવામાં આવેલી મર્યાદા વિશે વાત કરી હતી તેમજ વિવિધ નુકસાનની રકમને આગળના વર્ષમાં "કેરી ફોરવર્ડ" કરવા અંગે પણ સમજ પૂરી પાડી હતી.

# BUDGET REACTION KUTCH

કેન્દ્રીય અંદાજપત્રને વેપાર ઉદ્યોગ અને આર્થિક જગત સાથે સંકળાયેલા કચ્છના અગ્રણીઓ તરફથી આવકાર મળી રહ્યો છે..

કચ્છના મોટા, મધ્યમ અને નાના ઉદ્યોગોના અગ્રણી સંગઠન ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન-FOKIAના મેનેજીંગ ડીરેક્ટર નિમિષ ફડકેએ કેન્દ્રીય નાણાંમંત્રીએ રજૂ કરેલા આ અંદાજપત્રને 2047ના વિકસિત ભારત માટેના રોડમેપ તરફ લઈ જનારું બજેટ ગણાવ્યુ હતું

**(બાઈટ - FOKIAના મેનેજીંગ ડીરેક્ટર નિમિષ ફડકે)**

# CANCER DAY

આજે વિશ્વ કેન્સર દિવસ છે.

કેન્સરની સારવાર – નિદાન માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધતા સાથે સશક્ત પ્રયાસો કરી રહી છે.

રાજ્ય સરકારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના પ્રભાવી અમલીકરણ અને ડે કેર કીમોથેરાપી કેન્દ્રોની સ્થાપના દ્વારા તમામ જિલ્લાઓમાં કીમોથેરાપી સારવાર ઉપલબ્ધ કરાવી છે. રાજ્યભરના 35 ડે કેર કીમોથેરાપી કેન્દ્રોમાં છેલ્લા બે વર્ષમાં 68 હજાર 190થી વધુ દર્દીઓને 1 લાખ 90 હજાર 30થી વધુ કીમો સેશન્સ અપાયા છે.

ગત વર્ષે અમદાવાદની GCRIમાં 25 હજાર 950 દર્દીઓએ સારવાર મેળવી છે. છેલ્લા છ વર્ષમાં રાજ્ય સરકારે કેન્સર સારવાર માટે 2 હજાર 855 કરોડથી વધુની રકમ પૂર્વ મંજૂર કરી છે.

આજે વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે રાજ્યભરમાં કેન્સર જાગૃતતા તથા તપાસ માટે વિવિધ કાર્યક્રમો યોજાશે.

અલંગ ખાતેની રેડક્રોસ હોસ્પિટલમાં આજે બ્રેસ્ટ કેન્સર માટે મેમોગ્રાફી તપાસ કેમ્પનું આયોજન કરાયું છે. આ ઉપરાંત કેન્સર જાગૃતિ વક્તવ્ય અને જનજાગૃતિ પ્રદર્શનનું પણ આયોજન કરાયું છે.

# LOCAL BODY ELECTION

રાજ્યમાં 16મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની મુદત છે.. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સ્થાનિક સ્વરાજની ચૂંટણીના કાર્યક્રમ બાદ ઉમેદવારી પત્રો ભરાયા હતા..

જૂનાગઢ મહાનગર પાલિકા , 66 નગરપાલિકા અને બે નગર પાલિકાની પેટા ચૂંટણી, જીલ્લા અનેતાલુકા પંચાયતની ચૂંટણી સહિતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે

ગઇકાલે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી હતી જેમાં નગરપાલિકાની ચૂંટણી માટે છ હજાર છસો કરતાં વધુ , જૂનાગઢ મહાનગર પાલિકા માટે 238 , જીલ્લા પંચાયત તાલુકા પંચાયત માટે 379 અને અન્ય નગરપાલિકાની પેટાચૂંટણી માટે 74 જેટલા ફોર્મ ભરાયા હતા. આ તમામમાંથી 1049 જેટલા ફોર્મ રદ કરાયા હતા..

હવે આજે ઉમેદવારી પત્રો પરત ખેંચવાનો છેલ્લો દિવસ હોય હવે આજે સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે.

# RAJKOT VOLVO BUS

**ગુજરાતના શ્રધ્ધાળુઓને પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની પવિત્ર ડુબકી લગાવી શકે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ટૂરિઝમ વિભાગ અને GSRTC ના સંયુક્ત પ્રયાસ સ્વરૂપે ગત તા. ૨૭ જાન્યુઆરીથી અમદાવાદ થી પ્રયાગરાજ વોલ્વો બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.**

**રાજ્યના અન્ય શહેરોના શ્રદ્ધાળુઓની માંગને ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા આજથી અમદાવાદ સહીત નવીન ૫ વોલ્વો બસો શરૂ કરવામાં આવશે. જેમાં અમદાવાથી વધુ એક, સુરતથી બે, વડોદરાથી એક અને રાજકોટથી એક બસનો સમાવેશ થાય છે.. આ વોલ્વો બસમાં એક સુપરવાઇઝર પણ ઉપલબ્ધ છે. આ અંગે એસ.ટી.વિભાગના નિયામક જે.બી.કરોતરાએ વધુ માહિતી આપી હતી**

**બાઈટ - જે.બી.કરોતરા - નિયામક એસ.ટી.વિભાગ**

# AMRELI KHETI HOSPITAL

અમરેલીમાં શરૂ કરાયેલી ખેતી હોસ્પિટલે રાજ્યભરના ખેડૂતોનું ધ્યાન આકર્ષિત કર્યું છે.. આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં અભ્યાસ કરનારા મૌલિક કોટડિયાએ આ ખેતી હોસ્પિટલ શરૂ કરી છે. આ હોસ્પિટલ દ્વારા જમીન ચકાસણી, અળસિયાનું ખાતર, ગાર્ડન કિચન, મધ, કાચરી ગાય, ગોબર ની તમામ સિસ્ટમ, ગો મૂત્ર અંગે તમામ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

ખેડૂત  સારું ઉત્પાદન લઇ શકે અને હોસ્પિટલ દ્વારા અપાયેલા માર્ગદર્શન અનુસાર જમીન માં સુધારો કરીને ખેડૂતો સારુ આર્થિક ઉપાર્જન મેળવી શકે તેવો ખેતી હોસ્પિટલનો આશય હોવાનું મૌલિક કોટડાયએ જણાવ્યું હતું.

(બાઈટ : મૌલિકભાઈ કોટડીયા, ખેતી હોસ્પિટલના સંચાલક , અમરેલી)

# FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત ટોરેન્ટ પાવર કપ અંડર 20 મેન્સ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટનો આરંભ થયો છે... અંકલેશ્વર ખાતે શરૂ થયેલી આ ટુર્નામેન્ટ 15મી ફેબ્રુઆરી સુધી રમાશે.  ગુજરાત ના 22 જિલ્લા ની ટીમો ભાગ લઈ રહેલ છે. આ ટુર્નામેન્ટ માથી ગુજરાત ની નેશનલ માં રમવા જવા ની ટિમની પસંદગી કરવામાં આવશે..  આજે ત્રણ મેચ રમાડવા માં આવશેજેમાં  ભરુચ – રાજકોટ, અમદાવાદ – ગીર સોમનાથ અને નવસારી – સાબરકાંઠાની ટીમો વચ્ચે મેચ રમાશે

ગઇકાલે રમાયેલી ચાર મેચમાં અમદાવાદે ભરુચ પર  8-0 થી, રાજકોટે ગીર સોમનાથ પર  21-0 થી, સુરેન્દ્રનગરે બનાસકાંઠા પર 3-1 થી  અને ગાંધીનગરે નવસારી પર 9-0 થી વિજય મેળવ્યો હતો.